
પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૭૨ ૩ સપ્ટેમ્બર, ૨૦૨૨, શનિવાર; ભાદરવા સુદ - ૭ પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# અફઘાનમાં બ્લાસ્ટથી ૧૮નાં મોત

**તાલિબાનના કબજા બાદથી અફઘાનમાં સતત બોમ્બ બ્લાસ્ટ : જુમ્માના દિવસે આ ઘટના ઘટી, જ્યારે મસ્જિદમાં નમાજ માટે લોકો ભેગા થયા હતા, આ એક આત્મઘાતી હુમલો**



કાબુલ, તા.૨

તાલિબાનના કબ્જા બાદથી અફઘાનિસ્તાન સતત બોમ્બ બ્લાસ્ટ વેઠી રહ્યુ છે. દેશમાં એકવાર ફરી વિસ્ફોટની ઘટના સામે આવી છે. હેરાત પ્રાંતના ગુજરશાહ મસ્જિદમાં એક મોટો બોમ્બ બ્લાસ્ટ થયો છે, જેમાં મસ્જિદના ઈમામનુ મોત નીપજ્યુ છે.

રિપોર્ટ અનુસાર આ બ્લાસ્ટમાં મસ્જિદના ઈમામ અને મૌલવી મુજીબ રહેમાન અંસારીના મોતના સમાચાર સામે આવ્યા છે. જોકે અત્યાર સુધી આ સંબંધિત કોઈ સત્તાકીય નિવેદન સામે આવ્યુ નથી. આ ઘટનામાં અત્યાર સુધી ૧૪ લોકો જીવ ગુમાવી ચૂક્યા છે અને આની સંખ્યા વધવાની સંભાવના છે.

જાણકારી અનુસાર અફઘાનિસ્તાનના હેરાતમાં શુક્રવારે જુમ્માના દિવસે આ ઘટના ઘટી, જ્યારે મસ્જિદમાં નમાજ માટે લોકો ભેગા થયા હતા. આ એક આત્મઘાતી હુમલો હોવાની સામે આવ્યુ છે.

તાલિબાન શાસનને માંડ હજુ એક વર્ષ થયું છે ત્યારે જુમ્માના દિવસે કેટલાક ઉગ્રવાદી પરિબળો દ્વારા કરાયેલા બ્લાસ્ટની સમગ્ર વિશ્વમાં ઘેર પ્રત્યાઘાત પડ્યા છે. દુનિયાના દેશો આતંકવાદ સામે લડી લેવાના સંકલ્પો કરે છે ત્યારે આ પ્રકારના આતંકવાદી કૃત્યો લડાઈને નબળી બનાવે છે અને ચિંતા ઉપજાવે છે

## મનરેગા પાછળ ૮ વર્ષમાં કેન્દ્ર દ્વારા ૫ લાખ કરોડનો ખર્ચ

**મનરેગા હેઠળ તેલંગાણાને ૨૦,૦૦૦ કરોડ અપાયાનો દાવો**

હૈદરાબાદ, તા.૨

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું હતું કે, છેલ્લા ૮ વર્ષમાં કેન્દ્રએ મનરેગા યોજના પર ૫ લાખ કરોડ રૂપિયા ખર્ચ્યા છે. જેમાંથી ૨૦ ટકા કોવિડ-૧૯ મહામારી દરમિયાન ખર્ચવામાં આવ્યા હતા. તેલંગણાના કામારેડ્ડી જિલ્લામાં મીડિયા સાથે વાત કરતા સીતારમણે કહ્યુ હતુ કે, છેલ્લા ૮ વર્ષમાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના (મનરેગા) હેઠળ રાજ્યને ૨૦ હજાર કરોડ રૂપિયા આપવામાં આવ્યા છે.



તેમણે કહ્યું હતુ કે, છેલ્લા ૮ વર્ષમાં મનરેગા હેઠળ તેલંગાણાને રૂ. ૨૦,૦૦૦ કરોડ આપવામાં આવ્યા છે. આ જ સમયગાળા દરમિયાન દેશભરમાં ૫ લાખ કરોડ રૂપિયા ખર્ચવામાં આવ્યા હતા જેમાંથી ૨૦ ટકાથી વધુ ૨૦૨૦-૨૧ દરમિયાન કોવિડ-૧૯ દરમિયાન ખર્ચવામાં આવ્યા હતા. મહત્વનો મુદ્દો એ છે કે, જો પૈસાનો યોગ્ય રીતે ખર્ચ ન થયો હોવાની ફરિયાદો આવે છે અથવા ઓડિટ રિપોર્ટમાં કોઈ ટિપ્પણી હોય છે તો સર્વે ટીમો (કોઈપણ રાજ્યમાં) આવશે.

તેમણે કહ્યું હતુ કે, એવા આરોપ લગાવવામાં આવ્યા છે કે, સર્વેક્ષણ ટીમો યોજનાને રોકવા માટે મોકલવામાં આવી છે. આ અંગે પ્રતિક્રિયા આપતા તેમણે કહ્યુ હતું કે, કોઈ વિસંગતતા હશે તો તેને સુધારવા માટે સર્વેક્ષણ ટીમો મોકલવામાં આવશે. નાણામંત્રીએ કહ્યું હતું કે, યુપીએ સરકારના કાર્યકાળ દરમિયાન આ યોજનામાં ઘણી ખામીઓ હતી જેને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરકારે દૂર કરી હતી અને હવે તેને સીધો લાભ ટ્રાન્સફર દ્વારા લાગુ કરવામાં આવી રહી છે. તેમણે તેલંગાણા સરકાર પર નિશાન સાધતા આરોપ લગાવ્યો હતો કે, ચંદ્રશેખર રાવ સરકાર રાજ્ય વિધાનસભાને જાણ કર્યા વગર અને બજેટમાં તેનો ઉલ્લેખ કર્યા વગર લોન લઈ રહી છે. સીતારમણે કહ્યું હતું કે, રાજ્ય ખેડૂત આત્મહત્યાના મામલામાં ૪ સ્થાને છે.

# CBIના ડે.લીગલ એડવાઈઝરની આત્મહત્યા

**સરકાર દ્વારા અપાયેલા ફ્લેટમાં એકલા રહેતા હતા : તેમણે આ પગલું શા માટે ભર્યું તે હજુ સ્પષ્ટ થયું નથી**

નવી દિલ્હી, તા.૨

સીબીઆઈના ડેપ્યુટી લીગલ એડવાઈઝર જિતેન્દ્ર કુમારે આત્મહત્યા કરી લીધી છે. રાજધાની દિલ્હીના ડિફેન્સ કોલોની વિસ્તારમાં તેમનું નિવાસસ્થાન હતું. જણાવવામાં આવી રહ્યું છે કે, જિતેન્દ્ર કુમાર કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવેલા ફ્લેટમાં એકલા રહેતા હતા જ્યારે તેમનો પરિવાર હિમાચલમાં રહે છે. તેમણે આ પગલું શા માટે ભર્યું તે હજુ સ્પષ્ટ થયું નથી.

આ ઘટનાની માહિતી મળતાં જ મોટી સંખ્યામાં પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. અહેવાલ અનુસાર, જિતેન્દ્રનો મૃતદેહ ફ્લેટની બાલ્કનીમાં બેલ્ટની મદદથી લટકતો જોવા મળ્યો હતો. પોલીસે લાશને નીચે ઉતારી પોતાની કસ્ટડીમાં લીધી હતી. પોલીસને લાશ પાસેથી એક સુસાઈડ નોટ પણ મળી આવી છે. જેમાં લખ્યુ છે કે, તે માનસિક તણાવ અને બિમારી સામે ઝઝૂમી રહ્યા હતા અને તેનાથી નિરાશ થઈને આ પગલું ભર્યું છે. સુસાઈડ નોટમાં તેમના મૃત્યુ માટે કોઈ જવાબદાર નથી આ અંગે પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

પોલીસે માહિતી આપતા જણાવ્યું હતુ કે, ડિફેન્સ કોલોની પોલીસ સ્ટેશનને ગુરૂવારે સવારે ૬.૪૭ વાગ્યે આ અંગેની માહિતી મળી હતી. પોલીસને સીબીઆઈના લીગલ ડેપ્યુટી એડવાઈઝરનો મૃતદેહ તેમના ઘરે લટકતો જોવા મળ્યો હતો.

હકીકતમાં દિલ્હીમાં લિકર પોલીસી કૌભાંડની તપાસ કરી રહેલી એસીબીશાખામાં જ જિતેન્દ્ર કુમાર લીગલ એડવાઈઝર પદ તરીકે તૈનાત હતા. આ કેસમાં એસીબીએ જિતેન્દ્ર કુમારને પ્રોસિક્યુશનના સબ ડાયરેક્ટર બનાવ્યા હતા.

# INS વિક્રાંત નૌસેનાને સોંપાયું

**સ્વદેશી યુદ્ધ જહાજને ૨૦૦૯માં બનાવવાનું શરૂ કરાયું હતું : મોદીએ કેરળના કોચિનમાં આઈએનએસ વિક્રાંતને દેશને સોંપ્યુ : ક્રૂ મેમ્બરના ૧,૬૦૦ સભ્યો માટે ૨,૨૦૦ રૂમ ધરાવતું સૌથી મોટું વિમાન વાહક જહાજ**

કોચ્ચિ, તા.૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પહેલુ સ્વદેશી વિમાન વાહક યુદ્ધ જહાજ આઈએનએસ વિક્રાંત નૌસેનાને સોંપ્યુ. આઈએનએસ વિક્રાંતની ખાસ વાત એ છે કે આ એક સ્વદેશી યુદ્ધ જહાજ છે. આને ૨૦૦૯માં બનાવવાનુ શરૂ કરવામાં આવ્યુ હતુ. હવે ૧૩ વર્ષ બાદ આ નૌસેનાને મળ્યુ છે.

ક્રૂ મેમ્બરના લગભગ ૧,૬૦૦ સભ્યો માટે ડિઝાઈન કરવામાં આવેલુ અંદાજિત ૨,૨૦૦ રૂમ ધરાવતુ દેશનુ અત્યાર સુધીનુ સૌથી મોટુ અને પહેલુ સ્વદેશી વિમાન વાહક જહાજ આઈએનએસવિક્રાંત આજે રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવ્યુ. પીએમ નરેન્દ્ર મોદી કેરળના કોચિનમાં આજે આઈએનએસ વિક્રાંતને દેશને સોંપ્યુ. આ ભારતના સમુદ્રી ઈતિહાસમાં અત્યાર સુધીનુ સૌથી મોટુ જહાજ છે.



ભારતીય નૌસેનાને નવું ચિહ્ન મળ્યું. પીએમ મોદીએ કેરળના કોચ્ચિના કોચિન શિપયાર્ડમાં કાર્યક્રમ દરમિયાન તેને રાષ્ટ્રને સમર્પિત કર્યું હતું. પીએમ મોદીએ કહ્યુ નવી નેવી નિશાની એ જુના સમયગાળાની ગુલામીની માનસિકતાના પ્રતીકથી છૂટકારો મેળવ્યો. ભારતીય નૌસેનાનું નિશાન કે ધ્વજ બદલવામાં આવી રહ્યો છે. તિરંગો ઉપરની ડાબી બાજુ બનાવવામાં આવ્યો છે.

## બેંકોએ બચત ખાતા પરના વ્યાજમાં કર્યો વધારો

નવી દિલ્હી,તા.૨

બચત ખાતાની સુવિધા દ્વારા બેંકમાં પૈસા એકઠા કરવામાં સરળતા રહે છે. પૈસા બેંકમાં રાખવાથી પૈસા સુરક્ષિત રહે છે અને જરૂર હોય ત્યારે ઉપાડી શકીએ છીએ. સામાન્ય રીતે બચત ખાતા પર વ્યાજ દર ખૂબ જ ઓછો હોય છે. આ દરમિયાન ઓગસ્ટની શરૂઆતમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ રેપો રેટ વધાર્યો હતો, જેના પરિણામે કેટલીક બેંકોએ બચત ખાત પર મળતા વ્યાજદરમાં પણ વધારો કર્યો છે.

## સ્ટારબક્સની જવાબદારી ભારતીય મૂળની વ્યક્તિને

**સ્ટારબક્સ કોર્પે ભારતીય મૂળના લક્ષ્મણ નરસિમ્હનને તેના આગામી મુખ્ય કાર્યકારી અધિકારી તરીકે નિમ્યા**

વોશિંગ્ટન, તા.૨

આર્થિક સંકળામણનો સામનો કરી રહેલ વિશ્વની સુપ્રખ્યાત કોફી ચેઈન સ્ટારબક્સને ફરી પાટે ચઢાવવાની જવાબદારી એક ભારતીય મૂળના વ્યક્તિને મળી છે. સ્ટારબક્સ કોર્પે ગુરુવારે ભારતીય મૂળના લક્ષ્મણ નરસિમ્હનની તેના આગામી મુખ્ય કાર્યકારી અધિકારી (સીઈઓ) તરીકે નિમવાની જાહેરાત કરી છે. અત્યાર સુધી નરસિમ્હન રેકિટના સીઈઓ તરીકે ફરજ બજાવતા હતા. રેકકિટ ડ્યુરેક્સ કોન્ડોમ્સ, એનફેમિલ બેબી ફોર્મ્યુલા એન્ડ મ્યુસિનેક્સ કોલ્ડ શિરપનું ઉત્પાદન કરે છે. લક્ષ્મણના રેકિટના સીઈઓ પદેથી રાજીનામું આપ્યાના સમાચાર સાથે એફટીએસઈ પર શેરના ભાવમાં ૪%નો ઘટાડો નોંધાયો હતો. આ અગાઉ નરસિમ્હન પેપ્સીકોમાં પણ અનેક મહત્વના હોદ્દા પર કામ કરી ચૂક્યાં છે. તેઓ પેપ્સિકોમાં ગ્લોબલ ચીફ કોમર્શિયલ ઓફિસર પણ હતા.

આગામી વિધાનસભાની ચૂંટણીમાં મતદાન માટે થઇ જાઓ તૈયાર
નામ નોંધાવી મતદારયાદીમાં, બનો ગૌરવશાળી મતદાર

મતદારયાદી સુધારણા કાર્યક્રમ
૧૨ ઓગસ્ટ થી ૧૧ સપ્ટેમ્બર

અવસર લોકશાહીનો

આવી ગયો છે
ખાસ ઝુંબેશનો દિવસ
૦૪-૦૯-૨૦૨૨
રવિવાર
સવારે ૧૦.૦૦ થી સાંજે ૫.૦૦ વાગ્યા સુધી
આપના મતદાન મથક પર

મતદારયાદીમાં નામ નોંધણી અથવા ફેરફાર માટે
ઓનલાઇન સેવાઓનો ઉપયોગ કરો અથવા ખાસ ઝુંબેશના દિવસે
આપના મતદાન મથકની મુલાકાત લઈને બી.એલ.ઓ.નો સંપર્ક કરો

જો આપની ઉંમર ૧લી ઓક્ટોબર ૨૦૨૨ સુધીમાં અઢાર વર્ષ થતી
હોય તો મતદારયાદીમાં નામ નોંધાવીને મતદાન કરી શકો છો.
જો આપનું નામ મતદારયાદીમાં અગાઉ નોંધાવેલું હોય તો આપની
વિગતની ચકાસણી કરો.

નોંધણી, ચકાસણી કે ફેરફારની અરજી માટે
ઓનલાઇન સુવિધા

યાદ રાખો, મતદાન કરવા માટે આપનું નામ મતદારયાદીમાં
યોગ્ય રીતે નોંધાયેલ હોય તે જરૂરી છે.

વોટર હેલ્પલાઇન એપ www.nvsp.in

એક કરતાં વધુ વખત મતદારયાદીમાં નામ નોંધાવવું તે
લોકપ્રતિનિધિત્વ ધારા-૧૯૫૦ ની જોગવાઈ હેઠળ ગુનો બને છે.

વધુ માહિતી માટે (આપના વિસ્તારનો STD કોડ) ૧૯૫૦ હેલ્પલાઇન પર ફોન કરો
(કચેરી સમય દરમિયાન)

મુખ્ય નિર્વાચન અધિકારી, ગુજરાત
CEOGujarat | CEOGujarat | gujaratceo

હવે મતદારયાદીમાં આપનો આધાર નંબર લિંક કરાવો

## તિસ્તા સેતલવાડને સુપ્રીમ કોર્ટે વચગાળાના જામીન આપ્યા

**રેગ્યુલર જામીન માટે હાઈકોર્ટમાં જવા માટે સૂચન, તપાસમાં સહયોગ આપવા માટે પણ સેતલવાડને નિર્દેશ**

અમદાવાદ , તા.૨

ગુજરાતમાં વર્ષ ૨૦૦૨ના રમખાણો સંબંધિત નિર્દોષ લોકોને ફસાવવા માટે ખોટા દસ્તાવેજો બનાવવાના આરોપ હેઠળ સામાજિક કાર્યકર્તા તિસ્તા સેતલવાડ અને પૂર્વ ડીજીપી આરબી શ્રીકુમારની ધરપકડ કરાઈ હતી. તો સેશન્સ કોર્ટો તિસ્તા સેતલવાડ અને આરીબી શ્રીકુમારના જામીન ફગાવ્યા હતા. જે બાદ હવે સુપ્રીમ કોર્ટે તિસ્તા સેતલવાડને વચગાળાના જામીન આપ્યા છે. સાથે જ રેગ્યુલર જામીન માટે હાઈકોર્ટમાં જવા માટે સૂચન પણ આપ્યું છે. અગાઉ એસઆઈટીએ એફિડેવિટ ફાઈલ કરીને ચોંકવનારો ખુલાસો કર્યો હતો કે, તિસ્તા સેતલવાડે અહેમદ પટેલના કહેવાથી સરકાર તોડી પાડવા માટે મોટું કાવતરું રચ્યું હતું.

વર્ષ ૨૦૦૨માં ગુજરાતમાં થયેલા કોમી રમખાણોમાં ખોટા પુરાવા ઊભા કરવાના કાવતરામાં સામાજિક કાર્યકર તિસ્તા સેતલવાડ અને પૂર્વ ડીજીપી આરબી શ્રીકુમારની ધરપકડ કરાઈ હતી. જે બાદ તેઓને જેલમાં ધકેલવામાં આવ્યા હતા. ગુજરાતના રમખાણ કેસમાં અગાઉ સેશન્સ કોર્ટે તિસ્તા સેતલવાડ અને આરબી શ્રીકુમારના જામીન ફગાવ્યા હતા.

સાદર ચોથી વાર્ષિક શ્રદ્ધાંજલિ



સ્વ.માનનીય જસ્ટીસ શ્રી વિનુભાઈ એચ.ભૈરવિયા
(પૂર્વ ન્યાયમૂર્તિ, ગુજરાત અને મુંબઈ હાઈકોર્ટ)
જન્મ તા.૧૭-૦૯-૧૯૩૬ સ્વ.તા.૦૩-૦૯-૨૦૧૮

વીતી ગયા ચાર વર્ષ આપની સ્મૃતિને સંભાળતા.
પ્રસરાવી સુવાસ સત્કર્મોની થયા છો દેહથી વિમુખ,
હૃદયથી તો રહેશો સદા સન્મુખ.
ભગવાનને પામી મોક્ષપદ પ્રાપ્ત કરો તેવી પરમાત્માને પ્રાર્થના...

લિ.
સ્વ.નિર્મળાબેન વિનુભાઈ ભૈરવિયા | જયેશભાઈ વી.ભૈરવિયા | વર્ષા જે.ભૈરવિયા | દીપીબેન વી.ભૈરવિયા
સમગ્ર ભૈરવિયા પરિવાર
ડૉ.બી.આર.આંબેડકર એજ્યુકેશન સોસાયટી સંચાલિત
સિધ્ધાર્થ લૉ કોલેજ, ગાંધીનગર અને કામરેજ (સુરત) પરિવાર